



બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર



અથવા

પુરૂષાર્થનું પરિણામ

નામક નાટકનો સાર અને ગાયનો.

પ્રયોજક,

મોતીરામ બેચર નંદવાણા.

"શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજ"ના

એક માલેક.

છપાવી પ્રકટ કરનાર,

એમ. એન. એન્ડ પિત્તલવાલા,

"શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજ"ના માલેકો.

કીંમત બે આના.

શુભ પ્રસંગે.

લગ્નના વરઘોડામાં, નાચપારટીની બેઠકોમાં, સભાઓમાં, મીટીંગોમાં, થીએટરમાં જ્યાં જાઓ ત્યાં આપને ઊડી વળગે તેવી કાપડની ડીઝાઈનો અને બેસ્ટ ફિટિંગનું વધુ પ્રમાણ ટી. વાડીલાલ કું. [illegible]; કારણ સમજવું સહેલ છે.

ટી૦ વાડીલાલની કું૦,

ક્લોથ મરચંટ્સ, ટેલર્સ અને આઉટફિટર્સ.

રવિવારે દુકાન ખુલ્લી રહે છે.

ટેલીફોન નં૦ ૧૨૫૦

કાલબાદેવી, ભરૂચા બીલ્ડીંગ.

શ્રીમાન્ ધ્રાંગધ્રાનરેશ મહારાણા શ્રી ઘનશ્યામ
સિંહજી મહારાજાશ્રિત

શ્રી આર્ય નીતિદર્શક નાટક સમાજ.

બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર,

અથવા

પુરૂષાર્થનું પરિણામ.

નામક નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

પ્રયોજક—મોતીરામ બેચર નંદવાણા.

તે "શ્રી આર્ય નીતિદર્શક નાટક સમાજના એક માલેક

પ્રકાશક.

એમ. એન. એન્ડ પિત્તલવાલા--માલેકો

સુબોધિની પ્રીન્ટીંગ પ્રેસમાં ભગવાનલાલ ત્રિભુવને
માલેકને માટે છાપ્યું, બજારગેટ કોટ મુંબઈ

પ્રથમ આવૃત્તિ પ્રત ૫૦૦૦

વિક્રમ સંવત ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૩

કીંમત બે આના.

નાટકનાં પાત્રો.

પુરૂષ પાત્રો.

બ્રહ્મા—જગદુત્પાદક દેવ.

વિષ્ણુ—જગત્પાલક દેવ.

મહેશ—વિશ્વવિનાશક દેવ.

નારદ—વિષ્ણુ પરમાત્માનો પરમ ભક્ત, બ્રહ્મચારી અને દેવર્ષિ.

ઇન્દ્ર—સ્વર્ગનો રાજા.

વશિષ્ઠ—સત્વપ્રતિમા, પરમ પ્રભાવશાળી બ્રહ્મર્ષિ; વિશ્વામિત્રે માની લીધેલો તેનો પ્રતિસ્પર્ધી.

વિશ્વામિત્ર—ગાધી રાજાનો પુત્ર, કાન્યકુબ્જનો તમોગુણી રાજા, પછીથી પોતાના પુરૂષાર્થના પ્રભાવે થએલો રાજર્ષિ, મહર્ષિ, બ્રહ્મર્ષિ અને મોક્ષપદનો અધિકારી.

શક્તિકુમાર—ઋષિ વશિષ્ઠનો પુત્ર, મુક્તિનો પતિ.

કલ્માષપાદ— રાજા વિશ્વામિત્રનો પિત્રાઈ, મહા મૂર્ખ અને જડબુદ્ધિ: પછીથી બ્રાહ્મણના શાપથી થએલો નરભક્ષક રાક્ષસ.

મેઘ— વૃષ્ટિ વર્ષાવનાર દેવ.

શેષનાગ—પૃથ્વીને ધારણ કરનાર અને નાગલોકનો રાજા.

કણ્વ— શકુન્તલાને પુત્રી તરીકે પાળનાર એક ઉત્તમ ઋષિ.

એ ઉપરાંત પ્રતિહારી, કલ્માષના મિત્રો, સિપાહીઓ, દુકાળિયા, ઇન્દ્રસભામાંના દેવો તથા ઋષિયો, અને અન્ય પ્રકીર્ણ પાત્ર ઇત્યાદિ.

સ્ત્રી પાત્રો.

લક્ષ્મી— શ્રી વિષ્ણુ પરમાત્માનાં પત્ની.

શચીદેવી—સુરપતિ ઇન્દ્રની ઇન્દ્રાણી.

અરૂંધતી— બ્રહ્મર્ષિ વશિષ્ઠની સ્ત્રી, એક આદર્શ ઋષિપત્ની.

મુક્તિ— રાજા કલ્માષપાદની પુત્રી, શક્તિકુમારની અર્ધાંગના અને વશિષ્ઠ તથા અરૂન્ધતીની આદર્શ પુત્રવધૂ.

મેનકા— સ્વર્ગની એક અપ્સરા, પછીથી વિશ્વામિત્રને ચળાવીને થએલી તેની હૃદયેશ્વરી તથા શકુન્તલાની માતા.

રંભા— સ્વર્ગની વિશ્વામિત્રને ચળાવવા જતાં શિલારૂપ થએલી બીજી અપ્સરા.

તિલોત્તમા }
ઊર્વશી } સ્વર્ગની બીજી બે મુખ્ય અપ્સરાઓ.

ઋષિબાળાઓ, અપ્સરાઓ, ઇત્યાદિ.

કાળ— પ્રાચીન.

સ્થળ— કાન્યકુબ્જ રાજ્યનો કેટલોક પ્રદેશ, અન્ય વનવિભાગમાંના ઋષ્યાશ્રમો, સ્વર્ગલોક તથા વિષ્ણુલોક.

પ્રયોજકના બે ઉદ્ગાર.

પરમાત્માની પૂર્ણ પરમ અનુગ્રહદૃષ્ટિથી માત્ર લગભગ બે વર્ષ જેટલા સંક્ષિપ્ત સમયમાં આ નાટકસમાજ સરસ્વતીચંદ્ર, જાલિમ-ટુલિયા, બોલતો કાગળ, પરશુરામ, ઇન્દ્રાવતી અને વસુંધરા અથવા બેધારી તલવાર મળી વિવિધવિષયાત્મક અને ભિન્નભિન્ન રસાત્મક છ નાટકો સુરત તથા અલબેલી મુંબઇનગરીની રંગભૂમિપર એક પછી એક રજૂ કરી સુરત તથા મુંબઇના રસજ્ઞ તથા મર્મજ્ઞ પ્રેક્ષકોના સંતોષદર્શક અને પ્રશંસાત્મક ઉદ્ગારોને સાંભળવા તથા પોતાના ઉત્સાહની વૃદ્ધિ કરવાને સંપૂર્ણ ભાગ્યશાળી થયો છે. પ્રેક્ષકોએ વધારેલા અમારા એ ઉત્સાહનું પરિણામ એ થયું છે કે, અમે અમારી આ ચાલતી કંપનીની બીજી એક શાખા કંપની, કેટલાક શુભેચ્છકોના આગ્રહથી, શરૂ કરવાને સમર્થ થયા છીએ અને તે એવા ઉદ્દેશથી કે, આ કંપની મુંબઇ કે કરાચી જેવાં મોટાં નગરોમાં હોય તે વેળાએ ત્યાં આને લાંબા સમયસુધી રહેવાની આવશ્યકતા હોવાથી શાખા કંપની સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર આદિ અન્ય સ્થળોમાં પ્રવાસ કરી એનાં એજ નાટકો ભજવી ત્યાંના પ્રેક્ષકોને મનોરંજનનો આનંદ આપી શકે. એ શાખા કંપની હોવા છતાં તેમાં પણ મોટા મોટા પગારના નામાંકિત તથા અનુભવી પાત્રો લાવવામાટે અને સીન, સીનરી તથા ડ્રેસ વગેરે ઉત્તમોત્તમ કરવામાટે અમે પૈસા કે પરિશ્રમનો ભોગ આપવામાં કશીપણ કચાશ રાખી નથી અને તે તેના પ્રારંભના મુંબઇમાં થએલા નાટય

પ્રયોગોને જોનાર પ્રેક્ષકોના પ્રત્યક્ષ જોવામાં આવી ગએલું હોવાથી વિશેષ વિવેચનની અગત્ય નથી. અત્યારે અમારી એ શાખા કંપની વડોદરામાં પોતાનાં નાટકો ભજવે છે અને પ્રભુકૃપાથી ત્યાં તેનો પ્રયાસ પ્રશંસાપાત્ર કહેવાયો છે.

આજે આ આર્યનીતિદર્શક નાટકસમાજ પોતાના ધાર્મિક ઐતિહાસિક 'બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર અથવા પુરૂષાર્થનું પરિણામ' નામક સપ્તમ નાટયપ્રયોગ સાથે મુંબઈના પ્રેક્ષકો સમક્ષ રંગભૂમિપર રજૂ થાય છે અને પ્રથમ પ્રમાણેજ એમાં સંતોષદાયક થઇ પ્રેક્ષકોની પ્રશંસાને પાત્ર થવાની શુભ આશા રાખે છે; કારણ કે, પ્રેક્ષકોનો જે સંતોષ તેજ અમારા પરિશ્રમનું યોગ્ય પારિતોષિક છે, એવીજ અમારી નિરંતર માન્યના છે અને રહેવાની.

આ 'વિશ્વામિત્ર' નાટક મેં ત્રણ ચાર વર્ષ પૂર્વે લખ્યુ હતું; અને તે નાટકનું મને જે વ્યાવહારિક અનુભવદ્વારા અલ્પસ્વલ્પ જ્ઞાન પ્રાપ્ત થએલું છે તે અનુભવજન્ય જ્ઞાનના આધારેજ લખ્યુ હતું; કારણ કે, હું સાક્ષર, વિદ્વાન કે કવિ છું નહિ અને પોતાને તેમ માનવા કે મનાવવાનો મેં કદાપિ હાસ્યાસ્પદ પ્રયત્ન કર્યો પણ નથી; અર્થાત વસ્તુસ્થિતિ આવી હોવાથી ગુર્જર ભાષાના અનેક ઉત્તમોત્તમ ગ્રંથોના કર્તા, અમારી નાટક મંડળીના એક લેખક અને એક ગ્રંથકાર તરીકે ગુર્જર પ્રજામ સારી પ્રખ્યાતિ પામેલા મારા મિત્ર રા. ઠક્કુર નારાયણ દ્વારા આ નાટકનું યોગ્ય સંશોધન કરાવી અને બીજી પણ કેટલીક સહાયતા લઇને તેને પ્રજા સમક્ષ મૂકવાનું સાહસ કરી શકયો છું. જો મારો આ પ્રયત્ન અલ્પસ્વલ્પે

આદરને પાત્ર થશે, તોપણ મને તેથી પૂર્ણ સંતોષ મળવાનો સંભવ છે.

વૈદિક અને પૌરાણિક ગ્રંથોમાં 'વિશ્વામિત્ર' ઋષિના જીવન ચરિત્રમાંની જે જે ઘટનાઓ વર્ણવાયલી છે તેમને એકત્ર કરી મુખ્ય તઃ તે ઘટનાઓને વળગી રહીનેજ આ નાટક લખાયલું છે નાટકને મારી મચડીને રસિક કે આકર્ષક બનાવવામાટે વસ્તુસ્થિતિથી વેગળા જઈને અયોગ્ય કાલ્પનિક ભાગનું એમાં વિકૃતિકારક મિશ્રણ કરવાની ચેષ્ટા કરાયલી નથી, એ મારે અહીં ખાસ જણાવવુંજ જોઇએ. એક મનુષ્ય પોતાના પ્રયત્ન અથવા પુરૂષાર્થથી શું શું કરી શકે છે, એજ તત્ત્વને રાજામાંથી રાજર્ષિ, મહર્ષિ અને છેવટે બ્રહ્મર્ષિ જેવા અચલ પદને પામેલા ઋષિ વિશ્વામિત્રના જીવનદ્વારા પ્રદર્શિત કરી બતાવવાનો આ નાટકનો મૂળ ઉદ્દેશ છે. એ અમારો ઉદ્દેશ ફળીભૂત થાઓ અને પુન પવિત્ર ભરતભૂમિમાં પુરાતનકાળમાં વિશ્વામિત્ર જેવી પુરૂષાર્થમંડિત અને પ્રયત્નશીલ 'કર્મયોગી' નામને દીપાવનારી વિભૂતિઓનો વિપુલતાથી ઉદ્ભવ થાઓ, એજ અમારી પરાત્પર પ્રભુનાં ચરણારવિન્દમાં અનન્યભાવયુત અભ્યર્થના છે; કારણ કે, પુરૂષાર્થમાંજ દેશોદયનું ગૂઢ રહસ્ય સમાયલું છે, એ પુનઃ પુનઃ જણાવવાની આવશ્યકતા નથી. "જ્યાં લોકો પુરૂષાર્થ પરાયણ, ઉન્નતિ પામે છે તે દેશ!" એ કવિતાકથને કોઇએ કદાપિ ભુલી જવાનું નથી. આવાં વાકયોને આદર્શ માની નિત્ય સ્મરણમાં રાખવાથીજ શારીરિક, માનસિક અને આર્થિક ઉન્નતિ મેળવી શકાય છે.

નાટકના ઉદ્દેશવિશે આટલું જણાવ્યા પછી જેના કૃપાકટાક્ષથી આ સકળ વિશ્વ ચાલી રહ્યું છે અને જે દયાઘન પરમાત્માના અનુગ્રહથી આજે અમારો આ સાતમો ખેલ નિર્વિઘ્ન રંગભૂમિપર રજુ થાય છે, તે વિશ્વનાથ પ્રભુનાં ચરણોમાં પ્રેમપૂર્વક શીર્ષ નમાવી વિરમવાની આજ્ઞા ઇચ્છીશ.

કૃપાભિલાષી.

મુંબઇ, કાલબાદેવી. ભાંગવાડી
તા. ૧૫ મી જાન્યુઆરી ૧૯૧૪
ગુરૂવાર.

મોતીરામ બેચર નંદવાણા
પ્રસ્તુત નાટકનો પ્રયોજક અને
"શ્રી આર્યનીતિદર્શક નાટકસમાજ" નો એક માલેક.

બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર

અથવા

પુરૂષાર્થનું પરિણામ

નાટકનો પ્રવેશાનુક્રમથી સંક્ષિપ્ત સાર

નાન્દી (મંગળાચરણ)

અંક પહેલો

પ્રવેશ ૧ લો—અરણ્ય–દેવર્ષિ નારદનું આગમન. પ્રભુપ્રાર્થના. ત્યાર પછી મૃગયા કરીને પાછા ફરેલા કાન્યકુબ્જના રજોગુણપ્રધાન રાજા વિશ્વામિત્ર સાથે તેનો મેળાપ. વિશ્વામિત્રનું નારદને પોતાને ત્યાં પધારવામાટેનું નિમંત્રણ, નારદે તેનો કરેલો અસ્વીકાર. પ્રસંગ નીકળતાં છાચ્છન્ન વૈભવદાયિની બ્રહ્મર્ષિ વશિષ્ઠની કામધેનુની નારદના મુખે પ્રશંસા અને તેના ચમત્કારને જોવામાટે રાજા વિશ્વામિત્રનું વશિષ્ઠના આશ્રમ પ્રતિ ગમન. ભાવિ કલહના સંભવ વિશે નારદનો આનંદ.

પ્રવેશ ૨ જો—બ્રહ્મર્ષિ વશિષ્ઠનો આશ્રમ–ઋષિપત્ની અને ઋષિબાળાઓના હસ્તે માતા કામધેનુની પૂજાનો વિધિ. રાજા વિશ્વામિત્રનું આગમન અને ઇચ્છિતવસ્તુદાયક કામધેનુના

ઉત્પન્ન કરેલા વૈભવવિલાસવડે અરણ્યવાસી ઋષિના હસ્તે તેનો રાજ્યોચિત સત્કાર. વિશ્વામિત્રે કરેલી કામધેનુની યાચના, કામધેનુ ઇન્દ્રને ત્યાંથી માગી લાવેલી પારકી થાપણ હોવાથી ઋષિ વશિષ્ઠે કરેલો તે યાચનાનો અસ્વીકાર, વિશ્વામિત્રનો કોપ અને તેના પિત્રાઇ કલ્માષની પુત્રી વશિષ્ઠ ઋષિની પુત્રવધૂ મુક્તિનો પોતાના મદાંધ પિત્રાઇ કાકાને ઉપાલંભ અને ત્યાગી યોગી થઇ કામધેનુને પ્રાપ્ત કરવામાટેનો ઉપદેશ. પ્રચંડ તપસ્વી થઇ કામધેનુની પ્રાપ્તિમાટેની પ્રતિજ્ઞા કરી વિશ્વામિત્રનું જવું અને મુક્તિનો માયાની ક્ષણભંગુરતા વિશે ખેદ.

પ્રવેશ ૩ જો—વનવિભાગ—નારદનું આગમન અને વશિષ્ઠ તથા વિશ્વામિત્ર વચ્ચે જાગેલા કલહવિશે આનંદપ્રદર્શન. કામધેનુને પાછી સ્વર્ગમાં મૂકી આવવા નીકળેલા કામધેનુ સહિત વશિષ્ઠનું આગમન, કામધેનુને સ્વર્ગમાં પહોંચાડવાનું કાર્ય નારદે સ્વીકારવું અને વશિષ્ઠનું જવું. વશિષ્ઠના પુત્ર અને મુક્તિના પતિ શક્તિકુમારનું પોતાના સસરા ચરકેલા રાજા કલ્માષપાદ સાથે આવવું, નારદે તેમને વશિષ્ઠ વિશ્વામિત્ર વચ્ચે કામધેનુના કારણથી થએલા કલેશના સમાચાર સંભળાવવા સાથે વિશ્વામિત્રના રાજ્ય ત્યજી તપોધારી ત્યાગી થવાની વાત પણ જણાવવી. મંદબુદ્ધિ કલ્માષનો સર્વ ઋષિ અને બ્રાહ્મણો તરફનો ધિક્કાર અને તેઓ સાથે વૈર બાંધી તેમના નાશમાટેની તેની મૂર્ખતા ભરેલી પ્રતિજ્ઞા.

પ્રવેશ ૪ થો—કૈલાસ પાસેનો પ્રદેશ–રાજા મટી ત્યાગી તપસ્વી થએલો વિશ્વામિત્ર શ્રી મહાદેવના ધ્યાનમાં–તપશ્ચર્યામાં નિ-મગ્ન, મહાદેવનું પધારવું અને તેના તપથી પ્રસન્ન થઇ તેની ઇચ્છાનુસાર પોતાનું 'પાશુપત' અસ્ત્ર તેનો વિવેકથી ઉપયોગ કરવાના ઉપદેશ સાથે, આપવું. પાશુપતના પ્રભાવથી બ્રહ્મત્વના મદવાળા વસિષ્ઠના ગર્વખંડનની પ્રતિજ્ઞાસાથે વિશ્વામિત્રનું પ્રયાણ.

પ્રવેશ ૫ મો—સ્વર્ગમાં ઇન્દ્રભુવન–ઇંદ્રાણી શચીદેવી અને તેને ત્યાં અતિથિ તરીકે આવેલી લક્ષ્મી, સુરજાદેવી અને રતિ-આદિ દેવદારાઓનો પોતપોતાના પતિના સમાગમથી મળતાં સુખોવિશે સંતોષનો પ્રકાશ. સતીત્વ કિંવા પતિ-સેવાની મહત્તાને દર્શાવનારો ગરબો. ત્યાર પછી ઇંદ્રનું આગમન અને શચીનો સ્વામિસત્કાર. વિશ્વામિત્રને મળેલા પાશુપતનો પ્રયોગ બ્રહ્મતેજોવિભૂષિત વશિષ્ઠ ઋષિપર ચાલી ન શકયા વિશેની વાતચીત અને એટલામાં વિશ્વા-મિત્રના પુનઃ પ્રચંડ તપ આચરવા વિશેના નારદના મુખથી સમાચાર. તેને યોગભ્રષ્ટ કરી તેના તપનો ભંગ કરવા માટે જવાની ઇન્દ્રની પોતાની અપ્સરાઓને પ્રાર્થના, અને અંતે અપ્સરા મેનકાનું વિશ્વામિત્રને ચળાવવાની પ્રતિજ્ઞા કરી નીકળવું, ઇન્દ્રનો તેને આશીર્વાદ.

પ્રવેશ ૬ ઠો—અરણ્યવિભાગ–રાજ્યને ત્યાગી યોગી થવામાટે વિશ્વામિત્રપર હાસ્યાસ્પદ ધિક્કારની વૃષ્ટિ વર્ષાવતા અને નિજ

મૂર્ખતાના પ્રદર્શનરૂપ ઉદ્ગાર કાઢતા ચરકેલ। કલ્માષપાદ રાજાનું આવવું, અને તે સાથે પોતે બ્રાહ્મણો અને સાધુઓ સાથે આરંભેલા વૈરભાવનો પ્રકાશ કરી બતાવવો. અચાનક વિશ્વામિત્રને ભ્રમાવવા નીકળેલી યોગિનીવેશધારિણી મેનકાનું આગમન, તેની પાસેથી મૂર્ખ કલ્માષની પ્રેમયાચના અને મૂર્ખતાની સીમા. પોતાના ભાવિ પ્રિયકર વિશ્વામિત્રની તેના મુખે નિંદા સાંભળી મેનકાનું તેને તમાચો લગાવી ચાલી જવું. નારદનું આગમન, કલ્માષ સાથે કેટલીક વાતચીત અને કલ્માશની બુદ્ધિનું સોળે સોળ આન। લીલામ!

પ્રવેશ ૭ મો—ઘન અરણ્યમાં વિશ્વામિત્રનું તપોવન-વિશ્વામિત્ર ધ્યાનમગ્ન. તેને ભ્રમાવવામાટે આવેલી મેનકાનું અન્ય અપ્સરાઓસાથે આગમન, સર્વનો ઋષિને ધ્યાનનિદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન, ઋષિની જાગ્રાત, અપ્સરાઓની પ્રથમ અતિથિ તરીકે આશ્રમમાં રહેવાની યાચના અને પછી ઋષિને વચનથી બાંધી લઇ મેનકાની પોતાને ઋષિપત્ની તરીકે સ્વીકારવા વિશેની વિશ્વામિત્રને પ્રાર્થના. વિશ્વામિત્રની અનાસક્તિ, કામિની અને બ્રહ્મપ્રાપ્તિ એ બેમાં ઉત્તમ શું એવિશે મેનકા અને વિશ્વામિત્રનો સંવાદ; અંતે વિશ્વામિત્રનું પીગળવું, મેનકાએ મોંઘી થઇ વિમાનમાં બેસી સ્વર્ગમાં જવાની તૈયારી કરવી, વિશ્વામિત્રનો તેને જતી અટકાવવાનો પ્રયત્ન! ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—નગરની ભાગોળ-દુષ્કાળપીડિતોનો કોલાહલ અને શોક. દુષ્કાળનું ભયંકર સ્વરૂપ. મૂર્ખ રાજા કલ્માષપાદનો તેમને દુઃખમુક્ત કરવાને બદલે. તેમનાપર તિરસ્કારપૂર્વક અત્યાચર. એક બ્રાહ્મણના મુખથી વિશ્વામિત્ર મેનકાના પ્રેમમાં પડી સાંસારિક થવાના સમાચાર સાંભળી તેનો આનંદ અને તે આનંદના ઉભરાને બતાવવા માટે તેણે તેને બળાત્કારે કરાવેલો મનુષ્યના માંસનો આહાર ! નારદનું આવવું અને કલ્માષની ભ્રષ્ટ થએલી બુદ્ધિ વિશે શોકદર્શન. કલ્માષપાદને બ્રાહ્મણનો શાપ અને તેના પ્રભાવે તેનું માનુષી સ્વભાવમાંથી નીકળી રાક્ષસી સ્વભાવમાં જઈ પડવું.

પ્રવેશ ૨ જો—વિશ્વામિત્રનું નિવાસસ્થાન—ઋષિ વિશ્વામિત્રના સંયોગથી પોતાને પ્રાપ્ત થએલી પુત્રીને અપ્સરા મેનકા—ઋષિપત્ની—પાલણામાં પોઢાડી ઝૂલાવતી દેખાય છે. વિશ્વામિત્રનું આવવું, દંપતી વચ્ચે કેટલોક સ્નેહસંવાદ અને ઋષિના મુખથી પ્રમદાની પ્રશંસા તેમજ સુંદરીના મુખથી સ્વામીની સ્તુતિ. અચાનક સ્વર્ગની અપ્સરાઓએ આવીને મેનકાને, તેનો સંસારમાં રહેવાનો અવધિ પૂરો થવાથી ઇન્દ્રની આજ્ઞા પ્રમાણે સ્વર્ગમાં પ્રયાણ કરવાનુ જણાવવું, લાચારીએ મેનકાની સ્વર્ગમાં જવાની તૈયારી, વિશ્વામિત્રનો

તેને ન જવામાટેનો આગ્રહ અને છેવટે પુત્રીને ત્યાંજ છોડી વિશ્વામિત્ર તથા મેનકા ઉભયનું સ્વર્ગપ્રતિ પ્રયાણ.

પ્રવેશ ૩ જો—કણ્વઋષિના આશ્રમ પાસેનો વનપ્રદેશ:— શક્તિકુમાર અને મુક્તિ—પવિત્ર દંપતી—કણ્વઋષિને ત્યાં અતિથિતરીકે આવેલાં છે ત્યાં દંપતીનો પ્રેમવિનોદ. ત્યારપછી નારદનો વિશ્વામિત્ર—મેનકાના પ્રેમના પરિણામરૂપ અર્ભક પુત્રીને લઇને પ્રવેશ, કણ્વઋષિનું આગમન અને નારદે વૃતાંત જણાવીને તે બાળાને સંભાળમાટે ઋષિના હાથમાં સોંપવી અને બન્નેએ મળી અમુક કારણથી બાળાને શકુન્તલા નામ આપવું. સર્વનું આશ્રમ પ્રતિ નિર્ગમન.

પ્રવેશ ૪ થો સ્વર્ગમાં મેનકાનો આવાસ:— સ્વર્ગની રંભા, ઊર્વશી અને તિલોત્તમા આદિ અપ્સરાઓનો ઋષિના તપોભંગના કાર્યમાં મૃત્યુલોકમાં જઇ વિજય મેળવી આવેલી મેનકાને ધન્યવાદ અને હાસ્યવિનોદ. વિશ્વામિત્ર રાજહંસ રૂપે, મેનકાના મુખથી પોતાના ઋષિ પતિની પ્રશંસાના ઉદ્દગાર, તે રાજહંસ જ વિશ્વામિત્ર છે એ રહસ્ય જાણતાં અપ્સરાઓની વિસ્મયતા, મેનકાની ઇન્દ્રસભામાં જવાની તૈયારી અને રાજહંસને પણ તેની ઇચ્છા પ્રમાણે ત્યાં લઇ જવાનો નિર્ધાર.

પ્રવેશ ૫ મો—વસિષ્ઠ ઋષિનો આશ્રમ—ઋષિપત્નીની પદવીને પામેલી મુક્તિનો તે માટે સગર્વ આનંદ. અચાનક નરમાંસભક્ષક રાક્ષસના અવતારને પ્રાપ્ત થએલા અને ખાઇ જવા

માટે પોતાની પાછળ પડેલા પોતાના સસરા કલ્માષના પંજામાંથી છટકવામાટે શક્તિકુમારનું દોડતાં આવી લાગવું અને મુક્તિને તેની પોતાને બચાવવામાટે પ્રાર્થના. કલ્માષનો ખાઉં ખાઉં ધ્વનિસાથે પ્રવેશ, પુત્રી અને પિતા વચ્ચે કેટલોક વાદ વિવાદ. અને અંતે નિર્દય કલ્માષે કરેલો પોતાના જમાઇનો ભક્ષ ! એજ કલ્માષ પોતાના પુત્રોને મ.રી ખાઇ ગએલો હોવાથી ઋષિપત્ની અરુન્ધતીનો શોકવિલાપ. વશિષ્ઠનું પત્ની અને પુત્રવધૂને અશ્વાસન, જ્ઞાનોપદેશ, અને આત્માની અમરતાનો નિદેશ. બ્રહ્મર્ષિના હૃદયની અલૈકિક સમતા અને ઓજસ્વિતા ! મોહમુગ્ધ મુક્તિની પાતની પાછળ બળી સતી થવાની તૈયારી, અંતરિક્ષમાંથી દેવર્ષિ નારદનું તેને આશ્વાસન અને તેનીજ કૃપાથી શક્તિકુમારનું પુનઃ સજીવન થઇને આવી પહોંચવું. સર્વની આભારદર્શક ઇશ્વરપ્રાર્થના.

પ્રવેશ ૬ ઠો—ઇન્દ્રસભા–મેનકાને તેની કાર્યદક્ષતામાટે ઇન્દ્રનો ધન્યવાદ અને પદવીદાન. મેનકાના મુખથી વિશ્વામિત્રની પ્રશસા અને દ્વેષી દેવતાઓના મુખથી તેની નિંદા. નારદનું ઇન્દ્રસભામાં આવવું, અને ઇન્દ્રની તેના પૂજનમાટે તત્પરતા. નારદે એક ઋષિ પૂજન વિનાના રહી ગયાછે એમ જણાવી રાજહંસરૂપ વિશ્વામિત્રના ભેદનો પ્રકાશ કરી દેવો. મેનકાનો, પોતાના રંગમાં ભંગ પાડવામાટે નારદને આજન્મ સ્ત્રીસુખવિહીન રહેવાનો શાપ અને અખંડ

બ્રહ્મચારી નારદે તે શાપનો હસતે મુખે કરેલો સ્વીકાર. ત્યારપછી નિજ કર્તવ્યને ભૂલી પામર જન પ્રમાણે માનિનીના મોહમાં મુગ્ધ થએલા વિશ્વામિત્રને નારદનો તીવ્ર ઉપાલંભ, તેથી વિશ્વામિત્રને નિજ સ્વરૂપ અને નિજ ધર્મનું થએલું ભાન, અને મેનકાના મોહને ત્યાગી ઇન્દ્રાસન ડોલાવવા તથા દેવોના ગર્વને સંહારવાની દૃઢ પ્રતિજ્ઞા કરી પુનઃ પ્રચંડ તપશ્ચર્યાના આચરણમાટે તેનું પ્રયાણ.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—સ્વર્ગમાં રંભાનો આવાસ-અપ્સરાઓનો વશ્ય મોહિની સ્ત્રીની સર્વોપરિ મહત્તાવિશેનો વાદ અને મેનકાનો પુરૂષની મહત્તાને સિદ્ધ કરનારો પ્રતિવાદ. ઇન્દ્રનું આવવું અને ઇન્દ્રાસનને ડોલાવવામાટે વિશ્વામિત્રે પુનઃ આરંભેલી તપશ્ચર્યાની વાત જણાવી ગભરાટ બતાવી હવે ઋષિનો તપોભંગ કરવા કોણ જાય છે, એમ પૂછવું. મેનકા એ કાર્યમાં વિજય મેળવી આવેલી હોવાથી ઋષિને ચળાવવાનું કાર્ય તો ચુટકી બજાવતાંમાં થઇ જાય છે, એવા વિચારપર આવી ગએલી ઇર્ષાળુ રંભાની, મેનકાના વાર્યા છતાં, વિશ્વામિત્રના તપોભંગમાટે જવાની તત્પરતા,

નારદની તેને, તેના મદને ઉતારવાના આંતરિક ઉદ્દેશથી, પુષ્ટિ. ઇન્દ્ર અને નારદનું પ્રયાણ અને ત્યારપછી અપ્સરાઓનો રંભાને ઉપદેશ અને વિદાયગીરી.


પ્રવેશ ૨ જો—વિશ્વામિત્રનું તપોવન--રંભાનું એક પીડિત વનદેવીના રૂપે શરણુ માગવાના નિમિત્તથી ઋષિપાસે આવવું, અને ત્યારપછી તેની ઋષિપત્ની થવાની યાચના. તેના મુખથી વશિષ્ઠની નિંદા સાંભળી શકશીલ થએલો વિશ્વામિત્ર પ્રથમ તેને ત્યાંથી જવામાટે અનેક પ્રકારે વિનતી તે નથીજ માનતી એટલે પોતે યોગ બળથી તેની કપટકળાને જાણી ગએલો હોવાથી શાપના પ્રતાપે પાષાણુની શિલા બનાવી દે છે. રંભાગર્વપરિહાર !

પ્રવેશ ૩ જો—વશિષ્ઠ ઋષિનો આશ્રમ—કૌમુદીમંડિત નિશાના સમયમાં મુદિત, શકુન્તલા તથા અન્ય ઋષિબાળાઓનો વનવિહાર અને નિઃસર્ગશોભાનું અવલોકન. પુત્રીધર્મ વિષે પ્રસંગોપાત ચર્ચા, અને શકુન્તલાના પુત્રીની આજ્ઞાધારકતા વિષેના વિચાર. તેમનું કોઇ નિમિત્તથી અન્યત્ર જવું; વશિષ્ઠ અને અરૂન્ધતીનું પ્રકૃતિનિરીક્ષણ. વિશ્વામિત્રનું ગુપ્ત રીતે વશિષ્ઠને મારી નાખવાના ઉદ્દેશથી આવવું એવામાં પ્રસગોપાત અરૂન્ધતી સાથેના સંભાષણમાં વિશ્વામિત્રને નિરંતર 'રાજર્ષિ' કહીને બોલાવનારા અને તેથીજ વિશ્વામિત્રના દ્વેષના હેતુ થઇ પડેલા ઋષિ વશિષ્ઠના મુખમાંથી પોતાની અગાધ પ્રશંસાને દર્શાવનારાં વાકયો

નીકળતાં સાંભળી તમોગુણી ઋષિ વિશ્વામિત્રના કોપનુ શમન, વશિષ્ઠનાં ચરણોમાં પડીને તેણે કરેલી ક્ષમાની નમ્ર યાચના, તેના અહંકાર અને તમોગુણનો લોપ થતાં વશિષ્ઠે તેનું પ્રથમવારજ 'બ્રહ્મર્ષિ' નામથી આવાહન કરવું; શકુન્તલાનું આવવું; પિતાને પુત્રીનું દર્શન શત્રુ મટી મિત્ર થવાના સ્મરણમાં વશિષ્ઠે વિશ્વામિત્રને પોતાના ક્ષણમાત્રના સત્સંગનું ફળ આપવું અને વિશ્વામિત્રે વશિષ્ઠને દશ હજાર વર્ષના તપનું ફળ સમર્પવું. હવે એ બેમાંથી કોને કોણે વિશેષ આપ્યુ એ વિશે શકુન્તલાની શંકા અને તે શંકાના સમાધાનમાટે બન્ને ઋષિઓનું વિષ્ણુલોકમાં વિષ્ણુ ભગવાન્ પાસે જવાને પ્રયાણ; મુક્તિ અને શકુન્તલાનો તેમને આશીર્વાદ.

પ્રવેશ ૪ થો—સ્વર્ગમાં મેનકાનો આવાસ—વિશ્વામિત્રની વિરહવેદનાથી પીડાતી યોગિનીવેશધારિણી મેનકાનો 'વિશ્વામિત્ર' નામના જપ સાથે પ્રવેશ; વિરહિણીની દશાનું પ્રત્યક્ષ ચિત્ર. ઇન્દ્રનું આવવું અને તેની મેનકાને વિશ્વામિત્રના શાપથી શિલારૂપ થએલી રંભાને શાપમુક્ત કરાવી. સ્વર્ગપતિની પ્રતિષ્ઠા રાખવાની પ્રાર્થના. મેનકાની વિશ્વામિત્ર પ્રતિ પરમ ભક્તિમય પ્રાર્થના અને તેના પ્રતાપે શાપમુક્ત થએલી રંભાનું આવવું. ઇન્દ્ર અને રંભાની મેનકાપ્રતિ કૃતજ્ઞતા. નારદનું પધારવું અને રંભાને ઉદ્દેશી તેના કેટલાક કટાક્ષો. છેવટે મેનકાની પતિભક્તિમાટે નારદનો સંતોષ અને સર્વનું જવું.

પ્રવેશ ૫ મો—વિષ્ણુલોક—નારદે આવી વિષ્ણુ ભગવાન્ તથા લક્ષ્મીજીને વશિષ્ઠ તથા વિશ્વામિત્ર એ ઋષિદ્વયના થનારા આગમનના સમાચાર આપવા. ત્યારપછી બન્ને ઋષિયોનું શંકાના નિર્ણયમાટે આવવું. તેમની શંકાને જાણી લઇ વિષ્ણુ ભગવાને પાતાળમાંથી પૃથ્વીના ભારસહિત શેષનાગને નિર્ણયમાટે બોલાવવા; જેના પ્રભાવે શેષનાગના શિરપરનો ભૂભાર ઓછો થાય તે વસ્તુ અધિક ઉત્તમ, એવો સર્વાનુમતે ઠરાવ. વિશ્વામિત્રના દશહજાર વર્ષના તપઃફળથી નહિ, પણ વશિષ્ઠ ઋષિના ક્ષણમાત્રના સત્સંગફળના પ્રતાપે શેષનાગના ભારની ન્યૂનતા થતાં સત્સંગની મહત્તા નિર્વિવાદ સિદ્ધ અને વિષ્ણુ ભગવાનના વિશ્વામિત્ર પ્રતિના ઉપદેશ તથા આશીર્વાદ સાથે નાટકની સમાપ્તિ.



"પ્રારંભ" પ્રાર્થના

નાન્દી

"આવાહ્યો,,

સ્મરણુ પ્રણવ પર બ્રહ્મ
અજરામર જે ધામ — સ્મરણુ
નિરાકાર ના વિકાર અચલ વિમળ સાર
ત્યાગો અવિદ્યા અહંકાર થાઓ એકતાર—સ્મરણુ

નારદ — ૧

ઇશ અનાદિ અનંતતું ઉત્પતિ સ્થિતિ લયકાર
અબાધ્ય દિકકાલાદિથી, શાંત તેજ અવિકાર
હા અંત ન પામે કોઇ ગહુન તવ
નેતિ નેતિ કહી વેદ વિરામે
ઋષિ મુનિ ધરતા ધર્મ ધ્યાન......હા અંત
ઘટરવિબિંબાકાર, રૂપવિસ્તાર
સત્ય એક તત્ત્વ વ્યાપક માન......હા અંત

નારદ. — ૨

ઠીક ઠાઠ થયો, નૃપ આજ જશે ઝટપટ દોડી હરવા ધેનૂ
મદ ચિત્ત ભરી અતિ કોપ કરીને માનેથી
આય હાલ ખટપટ જાળ, આ કંગાળ મદહર કાળ

મન થન થન કરી ઉછળે આજે
મુખ થકી મુદરવ નિકળે આજે
આ નારદની મતિપારદની શી લીલાઓ-થાય.

૩

અરુન્ધતી મુક્તિ તથા ઋષિપત્નીઓ—

જય કામધેનુ કલ્યાણ કરી [illegible] તાપ હરી સુખની સરિતા
સુખ શાન્તિ આપ આયાસ [illegible] કરી વહતી દુહિતા
કરી આવાહન [illegible] તનમન ભાવનથી
કરિયે વંદન [illegible] વચનથી
અહ અખંડિત સ્નેહથી [illegible] દુહિતા પદ નમતી
ત્રિભુવનજનની વિશુદ્ધ [illegible] મન ગમતી
તારી કૃપા દ્રષ્ટિથી વૃષ્ટિ થાજે [illegible] આત્મશાંતિની...જય

મુક્તિ

૪

માયા છાયાને વિસ્તારી, ભૂલાવી પથ કામણગારી
આકૃતિ સુંદર ભદ્ર બતાવે, મોહન મંત્રથી મુગ્ધ બનાવે
માનવને પછી નાચ નચાવે [illegible] શિરભરી ડોલાવે-માયા.
કામિની કાંચન ભોગ વિલાસો, એ સહુ છે ક્ષણનોજ તમાશો
તોય પ્રસારી પાતકપાશો, પાપી કરે જઈ નરકે વાસો-માયા.

નારદ

૫

હે જીવ જપી લેને જીવન દાતા સ્વામીને
સ્વામીને બહુ નામીને-જીવ.

છોડીદે છોડી બધી ખટપટ ખાલી.
સુખને સાધીલે દુઃખ વામીને.....હે જીવ.
મમતાને માયા જાણી ઝાંઝવાનું પાણી
મન મૃગ તજ મોડી તૃષ્ણા ખામીને.....જી.
માયાના બંધ તોડી પર બ્રહ્મ તાર જોડી
મુક્ત થઇ જા મોક્ષ પામીને.....હે જીવ

કલ્માષ

૬

વેર મારૂં આરંભાયું બ્રાહ્મણોની સાથ
લડવું છે બાથંબાથ
ખટપટ કરી મદદ કરી ... ફોડી પાયમાલ કરી
વન વન ભટકાવી ભૂખે મારવા
જીવે ન કોઇ વૃદ્ધ બાળ યુવા
અગળ ઋષિયો જંગી હું હું રાજા મારૂં મારૂં
મેદાને આવી જાઓ રાજા સાથે શસ્ત્રે રમવા.....

સુરાંગનાઓ.

૭

સુખમય સખિ સુંદર સ્વર્ગ પુરંદર મંદિર મન હ
ઉરે ઉપવન શાંતિ ભરતુ
પુષ્પો ધારતું સુગંધીને વિસ્તારતું
ક્રીડા કામની કરે કરમાં કાંતોને ધરી
સુરકાન્તા સ્નેહથી
એ દશ્યોમાં જતું, અતિ હૃદય ક્ષાન્તિ પામતું...

સુરાંગનાઓ. ૮ ગરબો.

એ......આલી નારની છે ખરી પ્રતિષ્ઠા માનો સ્વામીરે
નારનો નરથી સફળ જન્મારો.
રહેવું વચનમાંહી સેવા ઉઠાવી, સ્વામીનાં ચરણોમાં શીશ નમા-
વીરે-નારનો

સુંદરિ સાચું માનજો, શ્યામાનો શૃંગાર;
સ્વામી કેવળ સૃષ્ટિમાં, જીવનનો આધાર;
નરથી સંસાર સાર ધારજોરે,
સ્વામિસંગ પ્રાણ સુધાધાર, જીવન વન વિહાર
વેલીને વૃક્ષ વામ વરરે
પૂરે પતિમનકામના, સફળ કામિની નામ;
સુંદરતા જો શીલની, તો સુંદરી સધામ;
સદા સુંદરીની શોભા પ્રીતમ અંગસંગ રહેરે.
ડોલે દોલાવે પ્રેમ હીંડોળે.

પ્રાણે પરોવી પ્રાણનાથને પ્રીતમ અંગસંગે રહેરે-એ, આલી
અપ્સરા—આલિ લટક મટક ચટકે પતિ લોભાવજો
શચી—હાંસી સખિ અમથી કરો મારે મન શરમભરો
અપ્સરા-જાઓ જાઓ શચી માન મુકીને સ્વામીનો કર ધરીને
રસવશકર કામિની શરસમ દ્રગ વાર કરી રમણ હૃદય હાર કરી
શચી—ભક ભક શી આવી આ, વદનથી લગાવી આ;

હારી હું નારી હું ભોળી બીચારી હું
કેડો મારો ઘેલી મુકોને-સ્વામીનો કર ધરીને

ઈંદ્ર ૧૦

લીન બ્રહ્મવિધાનમાં ઋષિ, તોડિ દે તપ તારૂણી
જોડિ દે રતિરાગબંધન, પાઇ મન્મથ વારૂણી...લીન
શબ્દજાળ પ્રસારિ મારક, મારિ મોહનબાણથી
સ્વર્ગમાં જયમાળ લે ધરિ, ઇન્દ્રને કરી લે ઋણી-લીન.

નકા. ૧૧

કામભોગી રાજયોગીને બનાવવા.
જપ તપથી ઋષિવરને નીકળી અજ્ઞાવવા...કામ
ચિતહર યૌવનની મને મોટી મન હામ છે
નિહાળી હાવભાવ પુરૂષ નારના ગુલામ છે
એ દરશાવવા ઋષિરાજને ભરમાવી
કામ ભોગી રાજયોગીને બનાવવા.

કલ્માષ. ૧૨

આવું પાતર નથી મળવાનું
ન ઘી પેણે ઉકળવાનું
યોગી સાથે કર્યું તે ભળવાનું
રમણી જમણો હાથ આપ તારો પોતાનો
મેનામાં આ જીવ તોતાને— આવું પા ર

અપ્સરા— ૧૩

જોને જોને સખી મદઘેલી ઋષિરાજ બેઠા સમાધિમાં એલી
કરી વનમાં આનંદથી કેલી.

કામિની કરી વનમાં આનંદથી કેલી
રમા રમો રંગે ઉમંગે રંગ રેલી-જોને જોને
મેનકા-મમ મનની વાડીના માળી, યોગી જાગો નિદ્રા ટાળી;
અપ્સરા- યોગી છે હઠીલા તેવી નિદ્રા યે હઠીલી-તુંજગાવ
મેનકા-જગાવીએ છીએ..................જોને જોને

મેનકા ૧૪

મૃગનયના વિધુવદના, રસિકા ગજગામિની ઘ રામાનો;
જેણે પ્રેમ ન ચાખ્યો, જન્મ પુરૂષનો વૃથા ધરા માનો.

× × × × ×
× × × × ×

મધુરભાષિણી, રમણી, પૂર્ણ પ્રેમદા કોમળ વપુવાળી;
એવી અબળા જેણે, નહિ સેવી નિજ કાય વૃથા ગાળી !

૧૫

અપ્સરા-સખિ જઇએ ઝટ હવે જઇએ આજ
મેનકા-અલબેલા ઋષિ આવજો
તપથી તનુ ત્યાગિ તપાવજો, ધ્યાને ત્રિભુવન ડોલાવજો-સખિ
વિશ્વા૦-પ્રમદા પ્રેમ કટારી મારી, કરિ કયાં જાવાની તૈયારી ?
મેનકા-સુરપતિ જોશે વાટ યુવતિ વિસરાવજો
તમે આવજો, (૨) સખિ જઇએ.

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

૧૬

ફુકાળિયા.—વખત આવ્યો આ વસમો ભૂખે મરવાનો ભાઇ
કણ પણ અન્ન ન ખાવાને
જીવે અભક્ષ્ય ભક્ષી હિંસાને ધારે
બાળકને વેચતા બજારેજી,
કાળનો ડંકો વાગ્યો, મડદાંના ઢેર લાગ્યા,
દુઃખ દાવાનળ સળગ્યો.....
વૃષ્ટિ સૃષ્ટિને ભૂલી, આકાશ ફાટયું.
તેને ટાંકો કોણ મારેજી— વખત

મેનકા— ૧૭

સુઇજા સુઇજા મારી લાડિલી બાળા
મીઠી જોઇ તને ઉર મારે ઉછાળા
સોહામણિયું ઝુલાવે પારણિયું
અંબા આ તુજ સુખ શાળા— સુઇજા
ભૂખી હોયતો પય પાઉં હેતે પ્રીતેથી હુલાવું
ને ઝુલાવું હાલરડું મંજુલ ગાઉં, મોંઘી વ્હાલી મણિમાળા
ઓ લો લો લો લો હાલ હાલ છાની બ્હેન છાની સુઇજા

મેનકા— ૧૮

મુકુટમણિ લોચનના તારા
પધારો યોગિવર મારા

હર્ષની વર્ષાવો ધારા, પધારો યોગિવર મારા.—
ઉછળે શર રણમાં ચાપથી
મુદ્રા જ્યમ શોભે છાપથી
પતિરતિથી ત્યમ દારા—પધારો યોગિવર મારા

મેનકા —　　૧૯

સ્તંભ વિના નહિ ટકી શકે જ્યમ કદાપિ કો આગાર
ત્યમ પતિના આધાર વિના નહિ નાર ટકે પળવાર
વનિતા વીણા સુસ્વરતારા, વલ્લભ વીણા વગાડનારા;
જડ વીણાનો વગાડનાર વિના અફળ અવતાર......ત્યમ
કર્ણધાર પતિ નૌકા નારી, તીર બતાવે સાગર તારી
કર્ણધાર વિણ નૌકા ડૂબે જ્યમ સાગર મોઝાર.... ત્યમ

મુક્તિ—　　૨૦

મંદ મંદ મધુર સુખદ પવન લતાકુંજે
ભોગવી મકરન્દ ભ્રમર મંદ મંદ ગુંજે
વૃક્ષને વીંટાઇ વેલી, કેલીઓ કરે નવેલી;
પ્રબળ પ્રેમનો પરાગ—　　મંદ મંદ
હરિત ભૂમિ રંગ, રટતી રવ વસંત કોકિલા
પ્રકટ થાય કામરાગ—　　મંદ મંદ

નારદ—　　૨૧

વિશ્વપતિ સ્થળજળનભમાં વસી
જોતો કર્મ લોકનાં હસી—　　વિશ્વપતિ

ત્રિગુણ રહિત રહી તંત્ર ચલાવે
વ્યાપક તોય અગમ્ય કહાવે
િભુ માયાનો થાગ ન આવે
શબ્દ એક ૐકાર માનજો
બ્રહ્મરૂપ આરસી— વિશ્વપતિ
હી પાણીમાં પદ્મ પ્રકારે
ત્રિભુવનને તનમાંહી ધારે
છતાં નહીં લેપાય લગારે
એક વકાસે રૂપ અનેકે
કરી કસોટી કસી— વિશ્વપતિ

૨૨

મેનકા— શું શું વખાણું આલી મુરતિ ઋષિની વ્હાલી,
નૈનને નહિ વાણી સત્ય કહેવાને શાણી.
જોઇ જોઇ હું તો ઘેલી થઇ શુદ્ધ ગઇ
રંભા— હેં હેં હેં
મેનકા— અંગે વિભૂતિ વસી, જાણે આકાશે શશી
અનુપમ અંગે ઋષિ જોઇ હરખાઇ હસી
ઉર લીધું આકર્ષી
વાણી મધુરે પાણી પાણી થઇ મુગ્ધ રહી
રંભા— પછી પછી
મેનકા— સિદ્ધ તપસ્વી શૂરા, કોકકળામાં પૂરા
રાગી વિરાગી છતાંય—

સ્નેહે બોલાવી મને, ઝૂજવા લાગી તને
સ્વેદ વળ્યો વળી ત્યાંય,
હળવેથી હાથે અડી. ધીરજ હારારહી, જાણું ના
એવું કંઈ જાદુ કર્યું, ચિત્ત હર્યું

રંભા.— ઉહું ઉહું ઉહું

૨૩

મેનકા-હૃદયમાનસરવાસી મનોહર પ્રણય વૃદ્ધિ કરનારા,
પધારો પ્રિયતમ રાજહંસ મમ પ્રેમમોતી ચરનારા,
અપ્સરા-પ્રેમ ઘેલી અલી, ગઈ ચતુરા ચળી
જળ પય સમ મળી વાહ, વાહ, દારા
મેનકા-પ્રેમ રંગ રંગત પ્રેમી જન, જાણે હસે અજ્ઞાત ભૂલી મન
અપ્સરા-જાણીયે જાણીયે શાની ડહાપણ જણાવે વદી
ગુપ્ત રહે નહીં મધુપાન ને પ્રેમ કદી
મેનકા-શાની હસે સ્નેહ મિષે
અપ્સરા-હાંસી થશે સુરપતિ જો (આ) મરાલ વર
જોશે તારા.
મેનકા-(વારૂ વારૂ છાની મરો)
અપ્સરા-(એમ ?)
મેનકા-(હા) હૃદય માનસર

વશિષ્ઠ શક્તિ નારદ
મુક્તિ અરૂંન્ધતી વિગેરે } ૨૪

શ્રીવર જાણી ગા પ્રીત આણી

વાણી રટ ધરણી ધર
ધજી ભવ દધિ તરવા વિભુ ચરણુ જા તું શરણુ જા
મોહાકૃતિ ધરનારી કાયા નહિ અચળ માન—
છોડી મતિ હરનારી માયા ધર હરીનું ધ્યાન—
સરળ સબળ જે અદ્‌ભુત સુખ નિદાન
ભજ તજ અઘખાણી-શ્રી

અપ્સરાઓ ૨૫

સ્વર્ગપતિ અચળ તપો અમરેશ ગાય લલના
પ્રતાપી દલપતિ સુન્દલના
મદનમદહારી કાન્તિ અનુપમ ધારી
વારી રસિલા સ્નેહનગીના પ્રાણ શચિના
દાનવ દમન સુમન સુર ઉરના— સ્વર્ગ
યુવતિભોગભંડાર ભ્રમર રતિગુંજન કરનારા
ઋષિ મુનીશના ચંડ તપોબળ પળમાં હરનારા,
તેજ રવિના ભોગિ હવિના— દાનવ

ઈન્દ્ર ૨૬

ભવ્ય ભાનુ ઋષિ દેવા, હું કરૂં સ્નેહથી સેવા—ભવ્ય.
યોગે યજતા યમ ધારીને, ઇન્દ્રિય દમતા મન મારીને;
શોભે ઇન્દ્રાસન અનુશાસન, ન્યાય મૂર્ત્તિ એવા-ભવ્યભાનુ.
ધર્મ ધ્યાનમાં પ્રવીણ પૂરા, જ્ઞાનદાનમાં ઉદાર શૂરા;
ભક્તિ ભાવથી ભજે આપને, તે પામે મેવા—ભવ્યભાનુ.

દ્વિતીય અંક સમાપ્ત.

અંક ત્રીજો.

૨૭

અપ્સરા-બતાવે યોગિ ભલે ધિઃકાર, રમાની શક્તિ સદૈવ અપાર
કોઇ કરી ધિઃકાર રમાનો, નહિ સુખમાં વસનાર
ચુંબન આલિંગન રતિહીણો (૨)
અસાર છે સંસાર, રમાની શકિત સદૈવ અપાર
રંભા— લલનાલીલા મધુ સંગીતે જે નહિ લુબ્ધ થનાર
તે નર પશુ કે યોગી ધારવો (૨)
અફળ કરે અવતાર. ન જાણી ઓળખાનો અધિકાર
ઉર્વશી.—કરે સદનમાં સંતતિ આપી, દાર તેજ વિસ્તાર
રહે વંશ અવિચળ જેનાથી (૨)
તે કારણ છે નાર–રમાની શક્તિ સદૈવ અપાર
તિલોત્તમા-સ્રી માયાથી ચાલી રહ્યો છે, સકળ વિશ્વ વ્યવહાર
માયાને આધીન ઇશ પણ (૨)
ધન્ય નાર આકાર, કરે છો મૂર્ખજનો પોકાર
મેનકા— શાશ્વત અંતે એક બ્રહ્મ છે માયા નષ્ટ થનાર
પુરુષ વિના પ્રમદાની પ્રતિષ્ઠા (૨)
નથી થતી તલભાર, નારનો પુરૂષ ખરો આધાર.-બતાવે

રંભા ૨૮

નારી હું ભવ ભ્રમણામાં ભમાવું એ મારી ગતિ.
નયનેથી નચાવું એ મારી ગતિ, નખરેથી નમાવું એ મારી ગતિ
નારી

નારીના નેત્રમાં ચડે તે પડે ને મરે આખરે
મુક્તિ ના થતી યુક્તિ સૌજતી
કોણુ પ્રીતી બીમારીની મારી ભીખારા અતિ......નારી હું
થાય લીન જે પ્રેમમાં, જાય ધર્મને ખોઇ
રળી જાય આ સ્વર્ગથી, રહે છેવટે રોઇ.........નારી હું

૨૯

અપ્સરા—હે માનિનિ મદનની પાળી, ઋષિ તપ વિદાર કર ઝાલી;
જપને દે ક્ષણમાં ટાળી, તું વચન બતાવને પાળી;
રંભા—લોચનશરથી મન વીંધી. હણું હાવ ભાવથી ચીંધી
જડું થઇ પૂરી નખરાળી, દેવા ઋષિ હાથે તાળી—હે

રંભા ૩૦

ઘેલી થઇ ફરતી નારી પ્રેમથી છોગાળા તારા
તરછોડી આમ તું ના દઇશ ઓ આંખોના તારા
હૈયાના હાર છો મારા, પા રતિ અમૃત ધારા
સેવામાં સુંદરી સ્વીકારી લે સુંદર વર માગ...ઘેલી

મુક્તિ અને ઋષિ બાળાઓ ૩૧

મૃદુ યામિની મૃદુ યામિની રમે વિધૂની સંગે
મૃદુયામિની રમે વિધુસંગે, શ્વેત વસ્ત્ર ધારી નિજ અંગે
જને રસિક રંગાના રંગ અનંગે (૩) એ રમે વિધૂનીસંગે
જોઇ નિશા પતિ સંગે રમતી. નાર વિરહિણી પતિ પતિ જપતી
ડોલે રતિસરિતાના તરલ તરંગે (૩) એ રમે વિધૂની સંગે

શકુન્તલા- ૩૨

માનું વચન સત્ય માનું જનકનાં માનું વચન સત્ય માનું
પ્રભુ તાત સરખા પ્રમાણું હું પ્રમાણું... .....જનકનાં
દુહિતા પિતાનું ને વચન ઉથાપે— (૨)
તે દુઃખ પડે તાપે ને પામે નરકમાં ઠેકાણું...જનકનાં


શકુન્તલા મુક્તિ ૩૩

પધારો શુભ કૃતિ કરવાને ઋષિવર મન સંશય હરવાને
મોક્ષની ગતિ [illegible] સર્વને હૃદયે [illegible].....પધારો
સત્ય [illegible] કર્તવ્ય જાણી ભવજળ તરવાને
વિષ્ણુ [illegible] .....પધારો
દ્વેષ [illegible] સમાવાને
સુંદર સુમનો નમતાં [illegible] સુફુલિત કરવાને.....પધારો

મેનકા- ૩૪

રટન તજું રસના થકી, શરીરસંધિ તજાય;
છાની છાપ હૃદય પડી, તે નવ કદિ ભૂંસાય;
વનવાસી વિલાસી આ દાસીને દર્શ એક વાર દ્યો
વિનતી ધારજો દુઃખ વિદારજો..................વનવાસી
સેવ્ય આપ સેવિકા હું ખરી, જપું મનરાની માળા કરી (૨)
તરણતાર સુખાધાર આવો વિરહાનળ ઠારવા...વનવાસી
કાન્ત ઘેલી અપ્સરાને કરી, જાય મદને આ મેનકા મરી (૨)
પ્રણયસાર સુધા ધાર આવો પ્રમદા ઉર ધારવા...વનવાસી

ઋષિ આત્માના આધાર વિનતિ મન ધરો કરો નહિ વાર
પતિ પતિ રે મારા આત્માના આધાર
ધન્ય ધન્ય તપ આપનું, ઋષિવર વિશ્વામિત્ર;
ત્રિભુવન આ ડોલાવિયું, લીલા કરી વિચિત્ર;
કરૂં ભક્તિ તમારી તપ ધારી
શાંતિ આવે મને નાથજી ભજું જ્યારે નામ હું શ્રીકાર
પતિ પતિ રે મારા આત્માના આધાર
કરૂણાના સાગર પ્રભો, કરૂણા કરી આવાર;
શિલારૂપ રંભા તણો, કરજો હવે ઉદ્ધાર;
બોલ વચન સાચું ગાય બે વાર કહી તકરાર
પતિ પતિ રે મારા આત્માના આધાર ઋષિ આત્માના આધાર



નીચે લખેલાં પુસ્તકો શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજ ? તથા શાખા બન્નેનો મુકામ જ્યાં હોય ત્યાંથી મળશે માટે ? સાહેબને જોઇતાં હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવાં. પી. થી મોકલવામાં આવશે નહીં. નોટપેડ કાગળ રાખવામાં આ નહીં.

		રૂ.	આ.	
૧	સરસ્વતીચંદ્ર નાટકના ગાયનો (આવૃતી સાતમી)	૦	૨	
૨	બોલનો કાગળ ,, (આવૃતી પાંચમી)	૦	૨	
૩	જાલીમ દુનીયા ,, (આવૃતી બીજી)	૦	૨	
૪	પરશુરામ ,, (આવૃતી છઠી)	૦	૨	
૫	ઇંદ્રાવતી ,, (આવૃતી ત્રીજી)	૦	૨	
૬	વસુંધરા યાને બેધારી તલવાર નાટકના ગાયનો (આવૃતી બીજી)	૦	૨	૦
૭	બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર નાટકના ગાયનો (આવૃતી પહેલી)	૦	૨	૦
૮	ધર્મનીષ્ટ મયુરધ્વજ ,,	૦	૨	૦
૯	આર્ય વિજય ,,	૦	૨	૦
૧૦	અમર યોગીન્દ્ર ,,	૦	૨	૦
૧૧	બાદશાહી હીર્સ ,,	૦	૨	૦
૧૨	પ્રતાપી પ્રમિલા (ભાષણ સહીત)	૦	૮	૦
૧૩	ચિતોડનો કરણ ,,	૦	૮	૦
૧૪	કામલતા ,,	૦	૮	૦
૧૫	સત્યવાદી હરીશ્ચંદ્ર ,,	૦	૮	૦

માલેકો,

શ્રી આર્યનીતિ દર્શક નાટક સમાજ.